# અસ્તિત્વની ચેતના

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ચૈતન્ય, અસ્તિત્વ આવા ગહેરા શબ્દોને સહજતાથી આપણા મગજમાં ઉતારનાર અને સૈકાઓથી તે સૈકાઓ સુધીના ઋષિ ઓશોની દિવ્ય ચેતનાને પ્રણામ કરું છું. આ ક્ષણે હું અપાર લાગણીવશ છું.

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે, કોઈ જીવ કે કોઈ જીવવિશેષ અને વ્યક્તિ કે કોઈ વ્યક્તિવિશેષની ચેતના આપણને સતત ભાવપૂર્વક ટેકો કરતી હોય છે, પરંતુ ઓશો એક એવું વ્યક્તિત્વ કે જે આપણને એક વ્યાપક અસ્તિત્વ લાગે. એમના જીવનના દરેક પહેલુની અંદર આપણને સમગ્ર અસ્તિત્વની છાંટ જોવા મળે.

એમની સાથેનો દૂરનો નાતો તો મારી તેર વર્ષની, 13 વર્ષની ઉંમરથી. પાંત્રીસથી ચાલીસ લોકોની હાજરીમાં 'આચાર્ય રજનીશ'ને સાંભળ્યા ત્યારે એમ થયેલું કે, આ માણસ જગત પર ઊંડો પ્રભાવ છોડશે. એ સમયે મારી સમજ ડહાપણ તરફ ડગ માંડતાં શીખી ન હતી, પરંતુ નાની એવી સમજે પણ ચિત્તમાં એવો ઝબકારો આપ્યો કે, આ વિભૂતિ ભવિષ્યમાં મારા જીવનનો માર્ગ ચોક્કસ પ્રશસ્ત કરે તો..?

યુવાનીમાં ઓશોનું સાહિત્ય અને વિવાહ પછી ઓશોની અનેક શિબિરો સહર્ષ ભર્યા પછી એવું સમજાયું કે, 'ચંદ્રમોહન જૈન' જે પછી 'રજનીશ' જે પછી 'આચાર્ય રજનીશ' અને છેલ્લે 'ઓશો' નામધારી આ અદ્‌ભુત વ્યક્તિત્વ આપણા જીવનની આંગળી પકડીને આપણને વિચારોની સફર કરાવશે. શિક્ષક બનવાનો લહાવો જીવનમાં મળ્યો, તેને પરિણામે વાંચનની વૃત્તિ અને પ્રવૃત્તિ બહુ જ પ્રસરી અને એ સમયે ગણિતશિક્ષક શ્રી કમલેશ ધોળકિયા દ્વારા ઓશો અમને મળતા રહેતા. દર્શન ડાયરી, વાર્ષિક કૅલેન્ડર, ઓશોનાં નવાં પુસ્તકો, પ્રવચનોની ઓડિયો કેસેટ્સ વગેરે પહોંચાડવાનું અને સાથે રાતોની રાતો માણ્યાનું કામ 'અમારા વહાલા કુટુંબ સભ્ય' કમલેશ ધોળકિયા દ્વારા થયું. અમે સૌ એને 'જય ભગવાન'

કહીને બોલાવતા હતા અને એમનું જીવન એટલું સહજ હતું કે અમને ઓશો કેવા હોઈ શકે અથવા ઓશોના સંન્યાસીનો માર્ગ સાચો કેવો હોઈ શકે તેનું તેઓએ જીવંત દર્શન કરાવ્યું. આજે 'જય ભગવાન'ની દૈહિક ગેરહાજરી સાલે છે.

પછી એક એવા સહજ સ્વામીનો સહયોગ થયો કે ઓશોએ પોતે સંન્યાસ દીક્ષા આપવાનું બંધ કર્યું ત્યારે જેમને એ કામ સોંપ્યું, ઓશોએ જ જેમને 'ઓશો મલ્ટીવર્સિટી'ના ચાન્સેલર તરીકે સ્થાન આપ્યું અને પોતાના મૃત્યુ પછી જે ચાર વ્યક્તિઓ ઓશોના દેહને બુદ્ધ હૉલ સુધી લઈ જાય એ ચાર વ્યક્તિઓમાં જેમનું નામ પ્રથમ લખાયું, તે સ્વામી શ્રી સત્ય વેદાંતજીએ મારો સંગાથ કર્યો. તેઓએ ઓશોના જીવનના અંતરંગ પાસાઓનો પટારો ખોલી દીધો. આમ એક શિક્ષકના જીવનમાં અનેક તબક્કાઓ ઉપર ઓશો નામના અસ્તિત્વની ચેતના વારંવાર મિલન કરતી રહી અને તે મુજબ ઓશોને પામવાના પ્રયાસો થતા રહ્યા.

જીવનના સંધ્યાકાળે એક એવી વિભૂતિ કે જેમાં આખું અસ્તિત્વ સમાઈ જાય એટલી જેની વ્યાપકતા છે તેવા osho વિશે મારા ભાવને શબ્દસ્થ કરવાનું વિચાર્યું અને ફલતઃ 'ઓશોની આસપાસ'નું સર્જન થયું. આ આખી પ્રક્રિયામાં ઓશોએ આપેલાં પ્રવચનો પરથી તૈયાર થયેલ અનેક પુસ્તકો વાંચ્યા પછી લાગ્યું કે ઓશોની ફિલસૂફી સારી રીતે ગ્રંથસ્થ થયેલ છે. પરંતુ ઓશોના જીવનની ઘટનાઓ હજી પુસ્તક સ્વરૂપે સ્પષ્ટ રીતે આવેલ નથી. ઓશો જે બોલ્યા એ પ્રવચનોને પુસ્તક તરીકે બહાર પાડવાની પ્રક્રિયા 1991થી આજ સુધી અવિરત ચાલે છે અને એમ કહેવાય છે કે, પ્રતિ એકાંતરે ઓશો ઉપરનું એક પુસ્તક બજારમાં આવે છે, પણ એ બધાં પુસ્તકોમાંથી ઓશોના જીવનની એવી ક્ષણો કે જે બહુ જ ચિંતનમય બની હોય અથવા તો અસ્તિત્વમય બની હોય એવી સાંકેતિક પળોને સ્થાન ઓછું મળ્યું છે, એટલે ઓશોના જીવન અંગે હકીકતો કરતાં અફવાઓ ઘણી ફરતી થઈ છે. આ પુસ્તકમાં ઓશોના જીવનની રોમાંચક ઘટનાઓની હકીકતો સરળ ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ થયો છે.

ઓશોની આસપાસ તો જીવનભર રહ્યો છું, પણ સાત દશક પૂર્ણ થયા ત્યારે એ વિભૂતિનાં જીવન અંગે વિગતો વાચકો સમક્ષ મૂકી શકવાની અનુકૂળતા જન્મભૂમિ અખબારોએ કરી આપી. ફૂલછાબ (સૌરાષ્ટ્ર), જન્મભૂમિ (મુંબઈ) અને કચ્છમિત્ર (કચ્છ)માં નિયમિત પ્રકાશિત થતી કોલમમાં ઓશોના જીવનને ધારાવાહી રૂપે પ્રગટ કરી અને એને વાચકોનો સતત રાજીપો મળ્યો. આ ત્રણે અખબારોના તંત્રીશ્રીઓ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરું છું.

છેલ્લાં પચાસ વર્ષોથી જેમનો અનુગ્રહ અમારા પરિવારને અવિરત ભીંજવતો રહ્યો છે તે સર્વપ્રિય મોરારિબાપુ ફૂલછાબની લેખમાળા અચૂક વાંચે અને એનો ઉલ્લેખ વ્યાસપીઠ પરથી ઉમળકાભેર કરે, તે મારા માટે દિવ્ય ઉત્સાહવર્ધક બની રહ્યું. બાપુના ચરણમાં ‘જય સિયારામ’ સહ પ્રણામ.

મને આશા છે કે ‘ઓશોની આસપાસ’ પુસ્તક સૌ ઓશોપ્રેમીઓને અને આવતી સદીના યુવાનોને એવો પરિચય આપશે કે આ પૃથ્વી ઉપરથી એક એવો વિરલ માનવ પસાર થયો છે કે, જેમણે સમગ્ર બ્રહ્માંડ સુધી પોતાની સૃષ્ટિને પહોંચાડીને આપણા માટે માર્ગ પ્રશસ્ત કર્યો છે.

ભારતની ધરતી પર પુનઃ અવતરેલા બુદ્ધપુરુષ ઓશોનાં ચરણમાં ભાવવંદન અર્પણ કરીએ.

તા. ૦૩-૦૩-૨૦૨૬ — **ભદ્રાયુ વછરાજાની**

રંગપર્વ ધુળેટી ૨૦૮૦

bhadrayu2@gmail.com

# અમુક્રમણિકા


1. 'મુક્ત ગગનનું મસ્ત પંખી' ...ઓશોની જીવનકથા ........................1
2. હું આવતી કાલથી આચાર્ય રજનીશ તરીકે ઓળખાઈશ .................6
3. શ્રીકૃષ્ણ પહેલાં આપણો સંન્યાસ ભાગેડુ હતો,
બધું છોડો તે સંન્યાસ?!.......................................................12
4. ના, એ મારું ખૂન કરવા આવ્યો ન હતો.................................... 18
5. કાલથી હું ભગવાન નથી, કોઈએ મને ભગવાન કહેવું નહીં...........23
6. મારે તો રઝળપાટ કરવી છે, મારે રખડુ થવું છે.........................27
7. મુઝે આપ બતાયેં કિ આપને દાઢી ક્યોં કટાઈ?..........................34
8. વિશ્વના લક્ઝુરિયસ સ્વામી તરીકે ઓશો પ્રખ્યાત હતા.................39
9. મારાં માતાપિતા તરીકે આ યુગલની મેં પસંદગી કરી ..................44
10. જીવન જેવું છે, સુંદર છે, એવું જ રહેવા દો ..............................48
11. જવાબદારી અને પ્રેમ અલગ-અલગ ચીજ છે.............................53
12. હું જેવો છું તેવો, તેનાથી કોઈ ફરક પડતો ન હતો! ....................59
13. શ્રી રજનીશના જીવનમાં ત્રણ બાબાઓ!
મગ્ગાબાબા, પાગલબાબા અને મસ્તીબાબા ...............................65
14. રજનીશને પુનર્જન્મમાં વિશ્વાસ હતો..........................................70
15. ઓશોએ ખુલ્લેઆમ જાહેર કર્યું છે કે, 'હું મૃત્યુ શીખવું છું.' ..........75
16. 21મી માર્ચ 1953ના દિવસે રજનીશનું મૃત્યુ થયું અને... ...............80
17. ધર્મ આપણને સંપૂર્ણરૂપથી મારી નાખે છે! ................................85
18. ઓશોને અખૂટ સંપત્તિ મળતી હતી,
પરંતુ તેમણે ક્ષણભરમાં તેને ઠુકરાવી દીધી! .............................90